PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૪/કવા–૦૪/૧૬–૧૭/ ૯૦૫ તા. ૩૦/૦૧/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ભરતભાઈ મોહનભાઈ મકવાણા,
રામ નગર શેરી નં.–૫,,
શીવ ડેરી ની પાસે,
નવા થોરાળા પાસે,
રાજકોટ

**વિષય :–ઓદ્યોગીક વીજજોડાણ પુનઃ ચાલુ કરવા બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૦૯–૦૧–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૧૪/કવા–૦૪/૧૬–૧૭)**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૨.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૧ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, આજી–૧ પેટા વીભાગીય કચેરી,રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 02/65

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૧૪/કવા–૦૪/૧૬–૧૭ કમિટિ મીટીંગ તા.૨૭–૦૧–૧૭ સ્થળ :–રાજકોટ

પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :
અરજદાર (ફરીયાદી) : નામ: ભરતભાઈ મોહનભાઈ મકવાણા,ગામ: રાજકોટ
રજુઆત કરનાર : અરજદાર શ્રી ભરતભાઈ મોહનભાઈ મકવાણા હાજર રહેલ હતા.

વિરુધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :
પીજીવીસીએલ (કચેરી) : આજી–૧ પેટા વીભાગીય કચેરી,રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૧ રાજકોટ)
રજુઆત કરનાર :ડી.એમ.કામાણી, નાયબ ઈજનેર (ટેક) શહેર વિભાગીય કચેરી નં ૧ રાજકોટ

## : હુકમ :

ફરીયાદ : ઓદ્યોગીક વીજજોડાણ પુનઃ ચાલુ કરવા બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચાઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ને, થોરાળા વિસ્તારમા, ૦૪ હોપાનુ, શ્રી ફેઇઝ વાણીજય જોડાણ નં.: ૩૧૬૦૧/૫૪૭૩૯/૦, જે તેઓ શ્રી ના નામ પરનુ હોય, તેઓ શ્રી એ માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર– ૧૬ મા, જોડાણ મા બાકી લેણી રકમ રૂ.૩,૪૨૮/૪૨ ની રકમ પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ છે. આ જોડાણ વર્ષો જુનુ હોય, તેઓ શ્રી વર્ષો થી ભોગવટો કરતા હોય, નિયમીત વીજબીલો ભરપાઈ કરે છે. પરંતુ, અચાનક પીજીવીસીએલ તરફથી, '' પ્રદુષણ ફેલાવવા ના કારણોસર ના– મુખ્યમંત્રી સેલમા થયેલ ફરીયાદ '' ના અનુસંધાને, સદર જોડાણ કાયમી ધોરણે કાપવામા આવેલ છે. આ બાબત, સામાન્ય કક્ષાના નાગરીક ના રોજગારી હિતના વિરોધ મા હોય, જેથી, રોજગારી પુનઃ સ્થાપિત કરવા માટે ના હેતુ સહ, અરજદારે સદર જોડાણ પુનઃ ચાલુ કરવા માટે ની, અત્રે ના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ રૂબરૂ મૌખીક ચર્ચાઓ, અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ના થોરાળા વિસ્તારમા આવેલ, ૦૪ હોપાનુ શ્રી ફેઇઝ વાણીજય જોડાણ નં.: ૩૧૬૦૧/૫૪૭૩૯/૦ (૦૩ કીવો) બાબતે, આ વિસ્તાર ના રહીશ એવા શ્રી હબીબભાઈ એચ. સુમરા દ્રારા – '' રહેણાંક ના હેતુ માટે ની જમીન પર નુ સદર જોડાણ – જે પ્રદુષણ ફેલાવતુ હોય– રદબાતલ કરવા બાબતે – મુખ્યમંત્રી શ્રી ના ફરીયાદ નિવારણ સેલ – નામદાર કલેટકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ રાજકોટ '' સમક્ષ લેખીત ફરીયાદ રજુ થયેલ હતી. જેના અનુસંધાને, '' નામદાર કલેટકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ રાજકોટ '' તરફથી પીજીવીસીએલ ને, સદર જોડાણ નો વીજપુરવઠો કાપવાનુ જણાવવામા આવેલ હતુ. જેથી, પીજીવીસીએલ તરફથી, સદર જોડાણ કાપવા માટે ની, અરજદાર શ્રી ભરતભાઈ મોહનભાઈ મકવાણા ને નોટીસ આપવામા આવેલ હતી. શ્રી ભરતભાઈ મોહનભાઈ મકવાણા તરફથી, પીજીવીસીએલ ની સદર નોટીસ નો પ્રત્યુતર, જે નિયત સમય સુધી મળેલ ન હતો. જેથી, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી સદર જોડાણ નો વીજપુરઠો કાપી અને સરકાર શ્રી ની સક્ષમ કચેરી ગાંધીનગર, તેમજ પીજીવીસીએલ ની સક્ષમ કચેરીઓ ને જાણકારી આપવામા આવેલ હતી. આમ, ફરીયાદી અરજદાર શ્રી ના સવાલવાળા જોડાણ નો વીજપુરઠો કાપવાની પીજીવીસીએલ તરફથી જે કાર્યવાહી થયેલ છે, તે કાર્યવાહી – મુખ્યમંત્રી શ્રી ના ફરીયાદ નિવારણ સેલ – નામદાર કલેટકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ રાજકોટ '' ના આદેશ ના અનુસંધાને થયેલ હોય, પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. |
| ૨.૨ | તદ ઉપરાંત, હાલ ના તબક્કે, ફરીયાદી અરજદાર શ્રી ભરતભાઈ મોહનભાઈ મકવાણા દ્રારા, તેઓ શ્રી ના કપાત થયેલ વીજપુરવઠા વાળા, સદર વાણીજય જોડાણ નં.: ૩૧૬૦૧/૫૪૭૩૯/૦ મા, કપાત થયેલ વીજપુરવઠા બાબતે, '' મહે. પ્રીન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબ ની કોર્ટ – રાજકોટ '' સમક્ષ રે.દી.કેઈસ નં.–૩૬૬/૨૦૧૬ દાખલ કરેલ છે. હાલ ના તબક્કે, સદર કાનુનન કેઈસ અદાલત સમક્ષ ન્યાયિક પ્રક્રીયા હેઠળ પડતર છે. જેથી, સદર કેઈસ બાબતે ભવિષ્ય મા જે કઈ અદાલત તરફથી હુકમ થશે,તે મુજબ ની કાર્યવાહી પીજીવીસીએલ તરફથી હાથ ધરવામા આવશે. |

**મુદદા નં.—૩ :**

: **નિષ્કર્ષ** :

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, મૌખીક ચર્ચાઓ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ની તેઓ શ્રી ના સવાલવાળા જોડાણ ના વીજપુરવઠા કપાત બાબત, જે અગાઉ – '' મુખ્યમંત્રી શ્રી ના ફરીયાદ નિવારણ સેલ – નામદાર કલેટકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ રાજકોટ '' ના આદેશ ના આનુષાંગીક છે. તદ ઉપરાંત, ફરીયાદી અરજદાર શ્રી તરફથી, સદર બાબતે જ, '' મહે. પ્રીન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબ ની કોર્ટ – રાજકોટ '' સમક્ષ રે.દી.કેઈસ નં.—૩૬૬/૨૦૧૬ દાખલ કરેલ છે. હાલ ના તબ્બકે, સદર કાનુનન કેઈસ અદાલત સમક્ષ ન્યાયિક પ્રક્રીયા હેઠળ પડતર છે.જેથી,'' મહે. પ્રીન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબ ની કોર્ટ – રાજકોટ '' તરફથી, સદર વાંધા કેઈસ મા ભવિષ્ય મા જે મુજબ નો હુકમ થશે, તે હુકમ ને આનુષાંગીક રહીને, પીજીવીસીએલ કક્ષાએથી સદર વાંધા કેઈસ બાબતે યોગ્ય કરવામા આવશે. પીજીવીસીએલ પક્ષકાર નો આ અભિપ્રાય ફોરમ કમિટી યોગ્ય ઠેરવે છે. |
| **૩.૨** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેનો વાંધા કેઈસ, જે વાંધા કેઈસ હાલ ના તબ્બકે, '' ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ '' કક્ષાએ ન્યાયિક પ્રક્રીયા હેઠળ પડતર છે. નામ.જીઈઆરસી ના પ્રવર્તમાન નોટીફીકેશન નં: ૦૨/૨૦૧૧ નાં મુદા નં: ૨.૩૦ (૧) માં કરાયેલ જોગવાઈ મુજબ, સદર પ્રકારના, ન્યાયિક રીતે સક્ષમ એવા સતાધીશ સમક્ષ, ન્યાયિક પ્રક્રીયા હેઠળ પડતર રહેલ હોય, તેવા કેઈસ ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર મા સમાવિષ્ટ નથી. જેથી, ફરીયાદી અરજદાર શ્રી ની, સદર ફરીયાદ અરજી પરત્વે, અત્રે તરફથી વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી, અત્રે ના ફોરમ તરફથી આપશ્રી તરફથી, સદર અરજી દફતરે કરવામાં આવે છે. તે મુજબ ની અરજદાર શ્રી ને જાણકારી આપવાનો,સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.—૪ :**

**હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતેની, અરજદાર શ્રી ને જાણકારી આપવાનો હુકમ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ